જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૧૨/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૪૯/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.30/૧૧/૨૦૨૨ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | 0 | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | 0 | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | 0 | ૪૭૩૩ | ૬૨૮૨ | 0 | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | 0 | ૧૪૯ | ૪૨૮ | 0 | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | 0 | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | 0 | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | 0 | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | 0 | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૬૬,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**<u>સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ</u>**

**<u>આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૫૦/૨૦૨૨</u>**

મિરઝાપુર કોર્ટના પોક્સો કેસ ૨૦/૨૦૨૧ નિકોલ પો.સ્ટે. ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૩),૨૦૧ તથા પોક્સો એકટ કલમ ૩(એ),૪,૫(એલ) મુજબના ગુનાના કામે **<u>આરોપી દિલીપભાઇ ગલાભાઇ ખાતરાભાઇ ડામોર (રહે.ગામ: બાઠીવાડા, અર્જુના હિરોલા, તા.મેઘરજ, જી.અરવલ્લી)</u>** નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજશ્રી એસ.એસ.શેઠી સાહેબ, અધિકસત્ર ન્યાયધીશ કોર્ટ નંબર-૩૧૧, ત્રીજા એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, અમદાવાદ(ગ્રામ્ય), મિરઝાપુર કોર્ટ અમદાવાદ સમક્ષ તા.૧૩/૦૧/૨૦૨૩ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૫૧/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૬૧ લીટર દેશી દારૂ, ૧૦૫૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બીયરટીન, ૦૧ છોટા હાથી વાહન, ૦૧ લોડીંગ રીક્ષા, ૦૧ મોટર સાયકલ, ૦૪ સ્કુટર અને ૦૨ કાર કબજે કરી હતી. તથા જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૫૨/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૫૩/૨૦૨૨</u>**

**સેટેલાઇટઃ** નિતીનભાઈ અછવલાલ ચુડગર (ઉ.વ.૭૮)(રહે.સુદર્શન કોલોની, રત્નાકર ફ્લેટની સામે, સેટેલાઇટ રોડ)એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૧/૨૦૨૨ રાતના ૮/૩૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન અજાણ્યા મોબાઇલ ફોન નંબર ૮૯૧૮૬૧૨૮૧૬ અને મોબાઇલ નંબર ૮૬૧૭૩૮૦૨૦૦ ઉપર થી નિતીનભાઇને કોલ તેમજ મેસેજ કરી “હું અપુર્વ ગુપ્તા બોલું છું અને તમારા ઇલેક્ટ્રીશીટી બિલના ૧૧ રૂપિયા બાકી છે, જે નહી ભરો તો તમારા ઘરની લાઇટ બે કલાકમાં કપાઇ જશે” તેમ કહી, નિતીનભાઇના મોબાઇલ ફોન ઉપર એક લીંક મોકલેલ જે નિતીનભાઇએ ઓપન કરતા ફોન કરનાર અજાણી વ્યક્તિએ નિતીનભાઇના બેંક ઓફ બરોડા તથા યશ બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૨,૦૧,૦૧૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરી લઇ નિતીનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.વાય.વ્યાસ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૪/૨૦૨૨**

**માધવપુરાઃ** દક્ષાબહેન ડો/ઓ કૃષ્ણકાંત પીઠવા(ઉ.વ.૭૩)(રહે.મકાન નંબર-૫૦૩, વિધાપાર્ક-૧૮ પટેલ સોસાયટી રબારીવાસ માધવપુરા)એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૧/૨૦૨૨ બપોરના ૨/૦૦ થી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનુ તાળુ અને નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૮,૧૬,૦૦૦/- મતાની તેમજ દક્ષાબહેનના ઘરની સામેના મકાન નંબર-૫૦૧ નુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં રહેલ તીજોરીમાંથી રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.આર.ગઢવી ચલાવે છે.

**સોનાની ચેઇન/પર્સ ઝુંટવી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૫/૨૦૨૨**

**નરોડાઃ** સરોજબહેન વા/ઓ મહેન્દ્રસિંહ રાઠોડ (ઉ.વ.૪૪)(રહે.જલ્પા સોસાયટી હરીહર સોસાયટી ની બાજુમાં નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૧/૨૦૨૨ ના કલાક ૬/૧૫ વાગ્યાના સુમારે નરોડા ગામ થી ગેલેક્ષી સિનેમા તરફ જતા રોડ પર એ.એમ.ટી.એસ. બસ સ્ટેશન પાસે રોડ ઉપર સરોજબહેન તેમના પતિ સાથે ચાલતા જતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ(૩૦ થી ૩૫ વર્ષના આશરાના) એ ભેગામળી સરોજબહેનના ગળામાં પહેરેલ સોનાના પેડલ સાથેની ચેઇન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**નારોલઃ** એકતાબહેન વા/ઓ નયનેશકુમાર જાની (ઉ.વ.૪૭)(રહે.આસોપાલવ સોસાયટી મહાલક્ષ્મી તળાવ વટવા) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૧/૨૦૨૨ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે એકતાબહેન નારોલ વિશાલા હાઇવે, કોઝી હોટલ થી શટલ રીક્ષામાં બેસી નારોલ સર્કલ આવવા નિકળેલ દરમ્યાન શાસ્ત્રીબ્રીજ થી આગળ એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી રીક્ષાની બાજુમાં મોટર સાયકલ ચલાવી લાવી, એકતાબહેનનું પર્સ ખેંચી ઝુંટવી નાસી ગયા હતા. જે પર્સમાં રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- અને મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજો મુકેલ હતા. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૬/૨૦૨૨**

**રામોલઃ** કીરીટસિંહ સખાજી વાઘેલા (ઉ.વ.૪૮)(રહે.નંદનવન સોસાયટી ગીરીવર બંગ્લોઝ સામે નિરાત ચાર રસ્તા વસ્ત્રાલ રામોલ)એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૧/૨૦૨૨ ના કલાક ૯/૦૦ થી તા.૨૯/૧૧/૨૦૨૨ ના કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી બે કીલો ચાંદી કિંમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૫૭/૨૦૨૨</u>**

**નારોલઃ** માધુરીબહેન વા/ઓ રાજેશભાઇ જાટવ(ઉ.વ.૨૫)(રહે.વૃદાવનનગર દ્વારકાનગરીની બાજુમા નારોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૧/૨૦૨૨ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના સળીયા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી